**કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરનાર અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અશમ/૧૦૨૦૨૧/૩૭/ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૮/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૪/૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૦૧૫/૨૯૬૧૭૮/ગ તથા તા.૧૯/૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

(૨) નાણા વિભાગનો તા. ૩૦/૦૯/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક:- પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૮/૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૬/૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૧૧૫/૬૨૭/ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા. ૬/૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૬૭/૨૦૨૧

આમુખ:-

વિભાગના ઉપર વંચાણે લીધા(૧)થી આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પેન્શન/નિવૃત્તિના લાભો આપવા અંગે ઠરાવ કરવામાં આવેલ છે તથા તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના ઉપર વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના તા. ૬/૧/૨૦૨૧ના પત્રથી ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને CCC/CCC+ પરીક્ષા પાસ કરવાથી તથા ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય, તો ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર થાય તે અંગે જરૂરી હુકમો થઈ આવવા દરખાસ્ત કરેલ છે.

શિક્ષણ વિભાગના તા.૧૬/૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૧૧૫/૬૨૭/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા ઠરાવ બહાર પાડેલ છે તે જ ધોરણે આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા અંગેની

બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) જે બિન સરકારી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા તા.૩૦/૬/૨૦૧૬ સુધી પાસ કરી શકયા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા. ૧/૭/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૨૦ દરમિયાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચત્તર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હોય તો તેઓને તેમની ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૨) તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦સમયગાળા દરમિયાન લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરી હોય અને અગાઉ ઉચ્ચત્તર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજૂર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ફેરફાર કરી ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતાની તારીખથી તે મંજૂર કરવાનો રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ બિન સરકારી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર થશે.

(૪) નાણા વિભાગના તા. ૩૦/૦૯/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક:- પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ થી ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા અંગેની સંકલિત સૂચનાઓ બહાર પાડેલ છે. આ સૂચનાઓ તથા ત્યારબાદ વખતોવખત બહાર પાડેલ સૂચનાઓ રાજ્યની અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરતા સમયે લાગુ પાડવાની રહેશે તથા નાણા વિભાગની વખતોવખતની સૂચના મૂજબ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા અંગેની તમામ શરતો સંતોષાયેથી જ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૧૦/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhumika

(ભૂમિકા એચ.પટેલ)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)/માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(વિ.જા.ક), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(અ.જા.ક.), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(વિ.જા.ક.), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઅધિકારીશ્રી (અ.જા.) (નિયામકશ્રી(વિ.જા.) મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ/અ.૧, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- ✓ સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૧